પાઠ ૧ લો — નીતિ

સર્વનાં માનીતાં થવું.

સર્વનાં ઓશીઆળાં થવું.

કોઇની ચોરીથી ચાલવું નહીં.

૪ બેવકુફના છંદે ચાલવું નહીં.

૫ કોઇના આગળ જુઠું બોલવું નહીં.

૬ સર્વના ઉપર હેત રાખવું.

૭ ગરીબની ઇચ્છા પુરવી.

૮ મોટાઓના હુકમને તાબે થવું.

૯ ધર્મ પાળવામાં ઉદ્યમી થવું.

૧૦ દયા એ ધર્મનું મુળ.

૧૧ વિનય એ દયાનું મુળ.

૧૨ વિનય એ વિવેકનું મુળ.

૧૩ સર્વની શીખામણ સાંભળવી.

૧૪ દુરજનની સોબત તજવી.

૧૫ મર્યાદાથી રસ્તે ચાલવું.

૧૬ રાતે એકલાં જવું નહીં.

૧૭ [illegible]

૧૮ આસરીયાનો વિનય કરવો.

૧૯ બન્ને કુળ અજવાળવાં.

૨૦ પતિવ્રતા થવું.

પાઠ ૨ જો—વિદ્યા

૧ વિદ્યા સુખ આપે.

૨ વિદ્યા આપણું રૂપ.

૩ વિદ્યા ગુપ્ત ધન.

૪ વિદ્યા એજ કીર્તિ.

૫ વિદ્યા એજ ગુરૂ.

૬ વિદ્યા એજ મદદગાર.

૭ વિદ્યા એ પરદેશમાં ભાઈ.

૮ વિદ્યા પરમ શક્તિ.

૯ વિદ્યાને સર્વ પુજે.

૧૦ વિદ્યાને આધિન લક્ષ્મી.

૧૧ વિદ્યાવડે સર્વ મળે.

૧૨ વિદ્યા વડે કુળ શોભે.

૧૩ વિદ્યાથી માન વધે.

૧૫ વિદ્યા વડે હેત વધે.
૧૬ વિદ્યા ખુશી રાખે.
૧૭ વિદ્યાવાન સર્વથી મોટો.
૧૮ વિદ્યા એ આંધળાની આંખ.
૧૯ વિદ્યા એ બહેરાના કાન.
૨૦ વિદ્યા એજ સર્વ.

પાઠ ૩ જો—સ્ત્રી.

૧ સ્ત્રી ઘરમાં એકલી ન રહે.
૨ સ્ત્રી બહાર એકલી ન જાય.
૩ સ્ત્રી આબરૂ વાળી શોભે.
૪ સ્ત્રી નઠારી નારીને તજે.
૫ સ્ત્રી સારીની સોબત કરે.
૬ સ્ત્રી સ્વતંત્ર થાય નહી.
૭ સ્ત્રી પીયરમાં વસે નહી.
૮ સ્ત્રી પરપુરૂષની સોબત કરે નહી.
૯ સ્ત્રી ઉત્સવમાં પણ એકલી જાય નહીં.
૧૦ સ્ત્રી યાત્રાએ એકલી જાય નહી.
૧૧ સ્ત્રી પરપુરૂષ સાથે યાત્રાએ જાય નહી.

૧૨ સ્ત્રી એકલી મુસાફરી કરે નહીં.

૧૩ સ્ત્રી પતિ વિયોગે સણગાર સજે નહીં.

૧૪ સ્ત્રી સ્નાન અને તીલક કરે.

૧૫ સ્ત્રી ઘરનો વિવેક જાણે.

૧૬ સ્ત્રી કરકસર કરે.

૧૭ સ્ત્રી કુળની આબરૂ વધારે.

૧૮ સ્ત્રી ઘરને સ્વચ્છ રાખે.

૧૯ સ્ત્રી પતિને સુખી કરે.

૨૦ સ્ત્રી કુળનો ઉદ્ધાર કરે.

પાઠ ૪ થો—વડપણ.

૧ ઘરમાં વડાનો વિનય કરવો.

૨ વિનય કરવો તે વડપણ.

૩ બીજાને સુખી કરવાં તે વડપણ.

૪ વિવેકથી વર્તવું તે વડપણ.

૫ વિવેકથી બોલવું તે વડપણ.

૬ વિવેકથી કામ કરવું તે વડપણ.

કથી બોલાવવું તે વડપણ.

નો વિનય તે વડપણ.

૯ સાસુનો વિનય તે વડપણ.
૧૦ સસરાનો વિનય તે વડપણ.
૧૧ જેઠનો વિનય તે વડપણ.
૧૨ જેઠાણીનો વિનય તે વડપણ.
૧૩ દિયર પર હેત તે વડપણ.
૧૪ દેરાણીપર હેત તે વડપણ.
૧૫ મોટી નણંદનો વિનય તે વડપણ.
૧૬ નાના નણંદપર હેત તે વડપણ.
૧૭ સોકય પુત્રપર હેત તે વડપણ.
૧૮ નાની વહુપર હેત તે વડપણ.
૧૯ છોકરાંપર હેત તે વડપણ.
૨૦ મોટું મન તે વડપણ.

પાઠ ૫ મો—મર્યાદા.

૧ મર્યાદાથી બોલવું.
૨ મર્યાથી ચાલવું.
૩ મર્યાદાથી ખાવું પીવું.
૪ મર્યાદાથી પહેરવું ઓઢવું.
૫ મર્યાદાથી સુવું બેસવું.

૬ મર્યાદાથી કામકાજ કરવું.
૭ નાના મોટાની મર્યાદા રાખવી.
૮ ખડખડ હસવું નહી તે મર્યાદા.
૯ ગાળ બોલવી નહીં તે મર્યાદા.
૧૦ ફટાણાં ગાવાં નહીં તે મર્યાદા.
૧૧ આછું ઓઢી ચાલવું તે મર્યાદા.
૧૨ નિંદા ન કરે તે મર્યાદા.
૧૩ વાતોડી સ્ત્રીઓની સોબત તજે તે મર્યાદા.
૧૪ આળસુ ના થાય તે મર્યાદા.
૧૫ ઉઘાડું માથું ન રાખે મર્યાદા.
૧૬ અંગ ઢાંકીને ચાલે તે મર્યાદા.
૧૭ ઊંચે ચઢીને ન બેસે તે મર્યાદા.
૧૮ ઉડાઉ ના થાય તે મર્યાદા.
૧૯ ખાઉકાઉ ના થાય તે મર્યાદા.
૨૦ ડાહાપણથી વર્તે તે મર્યાદા.

પાઠ ૬—વરની સેવા.

૧ જેને પરણ્યાં તે વર.
૨ તેમની સેવા કરવી.

૩ તેજ આપણો માલીક.

૪ તેજ ધણી.

૫ તેજ શરીરના માલીક.

૬ તેજ સ્વામીનાથ.

૭ તેજ શીરછત્ર.

૮ તેજ પ્રાણના રક્ષક.

૯ તેજ ભરણ પોષણ કરનાર.

૧૦ તેજ આપણો સણગાર.

૧૧ તેમની સેવા એજ ફરજ.

૧૨ તેમનો સબંધ એજ આપણું નસીબ.

૧૩ તેજ આપણું પુર્વનું કર્મ.

૧૪ તેમની માન્યતા તે આપણી માન્યતા.

૧૫ તેમનો ધર્મ તે આપણો ધર્મ.

૧૬ તેમનાં સગાં તે આપણાં સગા.

૧૭ તેમના દુશ્મન તે આપણાં દુશ્મન.

૧૮ તેમને વહાલાં થવું એજ કર્તવ્ય.

૧૯ તેમને ન્યાય પૂર્વક તાબે રહેવું.

૨૦ તેમને ન્યાય માર્ગે દોરવા.

પાઠ ૭ મો—પતિ.

૧ પતિનાં ઓશીયાળાં થવું.

૨ પતિની ચોરીએ ચાલવું નહી.

૩ પતિના છંદ ચાલવું નહી.

૪ પતિના પાસે જુઠું બોલવું નહીં.

૫ પતિનાપર હેત રાખવું.

૬ પતિનું ધાર્યું કરવું.

૭ પતિના કુટુંબને તાબે રહેવું.

૮ પતિની ચોરી કરવી નહી.

૯ પતિથી ચોરી રાખવી નહી.

૧૦ પતિ પાળે તે ધર્મને માન આપવું;

૧૧ પતિના પૈસા બરબાદ કરવા નહીં.

૧૨ પતિને જમાડીને જમવું.

૧૩ પતિને પગે લાગવું.

૧૪ પતિના સુતા પછી સુવું.

૧૫ પતિના ઉઠયા પહેલાં ઉઠવું.

૧૬ પતિને હરઘડી પ્રસન્ન રાખવો.

૧૭ પતિ એજ આપણો જીવન.

જ૬૦૯
૮૨

૧૮ પતિ એજ આપણું કલ્યાણ.
૧૯ પતિનાં દર્શન એજ મંગળ.
૨૦ પતિ એજ આપણું સર્વસ્વ.

પાઠ ૮—સુઘડતા.

૧ ઘરની વસ્તુ સંભાળી રાખે.
૨ ઘરનાં વાસણ ચોખ્ખાં રાખે.
૩ સઘળું કામ નિયમસર કરે.
૪ હમેશાં શરીર સાફ કરે.
૫ કામ પરવારી વહેલી સુઈ જાય.
૬ સવારમાં સર્વના પહેલી ઉઠે.
૭ હમેશાં દાતણ કરે.
૮ ગોબરાઇથી દૂર રહે.
૯ નિયમસર વિદ્યા ભણે.
૧૦ નીતિની કવિતાઓ કંઠે કરે.
૧૧ બાળકોનાં વસ્ત્ર સ્વચ્છ રાખે.
૧૨ ઘર કચરાથી સાફ રાખે.
૧૩ સીધું ચોખ્ખું રાખે.
૧૪ ઉદ્યોગી થવામાં આનંદ માને.

૧૫ ઘરનું સઘળું કામ કરે.

૧૬ જાતે પીરસી સર્વને જમાડે.

૧૭ રસોઇ જાતે બનાવે.

૧૮ પાણી વિવેકથી ગળે.

૧૯ અજવાળામાં રસોઇ કરે.

૨૦ સર્વ જાતની રસોઇ જાણે.

પાઠ ૯—નવરાસ.

૧ નવરાં બેસવું નહી.

૨ નવરૂ બેસે તે નખોદ વાળે.

૩ નવરૂ બેસનાર માંદું થાય.

૪ નવરાસમાં વિદ્યા ભણવી.

૫ નવરાસમાં નવું શીખવું.

૬ નવરાસમાં કામકાજ કરવું.

૭ નવરાસમાં શીખેલું સંભાળવું.

૮ નવરાસમાં નવો ઉદ્યમ કરવો.

૯ નવરાસમાં કપડાં શીવવાં.

૧૦ નવરાસમાં વસ્ત્ર ધોવાં.

૧૧ નવરાસમાં સગાંની ખબર લેવી.

૧૨ નવરાસમાં છોકરાંની પરિક્ષા લેવી.
૧૩ નવરાસમાં પરોપકાર શોધવો.
૧૪ નવરાસમાં લખવું.
૧૫ નવરાસમાં આપણા દુર્ગુણ તપાસવા.
૧૬ નવરાસમાં ફુલ મોટપ વધારવી.
૧૭ નવરાસમાં છોકરાં કેળવવાં.
૧૮ નવરાસમાં ઘરનો હીસાબ લખવો.
૧૯ નવરાસમાં ઘરડાઓની સેવા કરવી.
૨૦ નવરાસમાં ગરીબોની સારવાર કરવી.

પાઠ ૧૦—સ્ત્રીના અલંકાર.

૧ પતિ સ્ત્રીનો અલંકાર.
૨ વિદ્યા તે સ્ત્રીનો અલંકાર
૩ ઉદ્યોગ તે સ્ત્રીનો અલંકાર.
૪ વિનય તે સ્ત્રીનો અલંકાર.
૫ મર્યાદા તે સ્ત્રીનો અલંકાર.
૬ પતિવ્રત તે સ્ત્રીનો અલંકાર.
૭ સુઘડતા તે સ્ત્રીનો અલંકાર.
૮ વડપણ તે સ્ત્રીનો અલંકાર.

૯ નીતિ તે સ્ત્રીનો અલંકાર.
૧૦ સાસરે વસવું એ સ્ત્રીનો અલંકાર.
૧૧ વિવેકી થવું એ સ્ત્રીનો અલંકાર.
૧૨ ચતુર છોકરાં એ સ્ત્રીનો અલંકાર.
૧૩ મીઠું બોલવું તે સ્ત્રીનો અલંકાર.
૧૪ સત્ય બોલવું તે સ્ત્રીનો અલંકાર.
૧૫ ધૈર્ય રાખવું તે સ્ત્રીનો અલંકાર.
૧૬ નિષ્કપટ તે સ્ત્રીનો અલંકાર.
૧૭ નિર્લોભ ત સ્ત્રીનો અલંકાર.
૧૮ દયાળુ પણું તે સ્ત્રીનો અલંકાર
૧૯ પવિત્રતા તે સ્ત્રીનો અલંકાર
૨૦ મુલાયમ્ને ને સ્ત્રીનો અલંકાર

પાઠ ૧૧—ફુવડનાં લક્ષણ.

૧ પતિના સામું બોલે તે ફુવડ
૨ વગર ભણેલી તે ફુવડ
૩ આળસુ તે ફુવડ
૪ અભિમાની તે ફુવડ
૫ ગોબરી તે ફુવડ

૬ લાજવગરની તે ફુવડ

૭ વ્યભિચારીણી તે ફુવડ

૮ તુચ્છ બુદ્ધિ વાળી તે ફુવડ

૯ પીયરમાં રહેવું પસંદ કરે તે ફુવડ

૧૦ મૂરખ છોકરાંની મા તે ફુવડ

૧૧ ગાળો બોલે તે ફુવડ

૧૨ જુઠું બોલે તે ફુવડ

૧૩ અધિરીને ઉતાવળી તે ફુવડ

૧૪ કપટી હોય તે ફુવડ

૧૫ નિર્દય હોય તે ફુવડ

૧૬ સુશાભન વગરની તે ફુવડ

૧૬ ભાંડી ઉઠે તે ફુવડ

૧૭ અર્થ જાણ્યા વિના ગોખણ્યુ પઢીને પસંદ
કરે તે ફુવડ

૧૮ પાડોસીનાં કજીઆ કરે તે ફુવડ

૧૯ ગોધની ચોરી કરે તે ફુવડ

૨૦ બીજાંને વાતે વાગે તે ફુવડ

પાઠ ૧૨—મહેનત કરો.

૧ જ્ઞાન જોઇએ તો મહેનત કરો.
૨ ખાવા જોઇએ તો મહેનત કરો.
૩ પૈસા જોઇએ તો મહેનત કરો.
૪ સુખ જોઇએ તો મહેનત કરો.
૫ આબરૂ જોઇએ તો મહેનત કરો.
૬ તનદુરસ્તી જોઇએ તો મહેનત કરો.
૭ કુંવડ ના કહેવાવું હોય તો મહેનત કરો.
૮ ઉદ્યોગી થવું હોય તો મહેનત કરો.
૯ સંસાર સુધારવો હોય તો મહેનત કરો.
૧૦ માનીતાં થવું હોય તો મહેનત કરો.
૧૧ કોઇને વશ કરવું હોય તો મહેનત કરો.
૧૨ જીંદગી સફળ કરવી હોય તો મહેનત કરો.
૧૩ છોકરાં કેળવવાં હોય તો મહેનત કરો.
૧૪ પ્રભુનાં વહાલાં થવું હોય તો મહેનત કરો.
૧૫ ઉત્તમ સ્ત્રી બનવું હોય તો મહેનત કરો.
૧૬ કુળને અજવાળવું હોય તો મહેનત કરો.
૧૭ દુઃખ દૂર કરવું હોય તો મહેનત કરો.

૧૮ જશ મેળવવો હોય તો મહેનત કરો.
૧૯ નામાચાં થવું હોય તો મહેનત કરો.
૨૦ પરલોક સુધારવો હોય તો મહેનત કરો.

પાઠ ૧૩—નાશકારક.

૧ આળસ આરોગ્યતાનો નાશ કરે છે.
૨ કલેશ લક્ષ્મીનો નાશ કરે છે.
૩ લડાઈ જાન માલનો નાશ કરે છે.
૪ મિતાહાર રોગનો નાશ કરે.
૫ સરલતા શત્રુભાવનો નાશ કરે છે.
૬ પુન્ય પાપનો નાશ કરે છે.
૭ ધૈર્ય અધિરીઆપણાનો નાશ કરે છે.
૯ સુઘડતા ફુવડપણાનો નાશ કરે છે.
૧૦ સદ્ગુણો અપકીર્તિનો નાશ કરે છે.
૧૧ હીંસા દયાનો નાશ કરે છે.
૧૨ જુઠું વિશ્વાસનો નાશ કરે છે.
૧૩ ક્ષમા ક્રોધનો નાશ કરે છે.
૧૪ નમ્રતા અભિમાનનો નાશ કરે છે.
૧૫ નઠારી સ્ત્રીઓ સારીઓનો નાશ કરે છે.

૧૬ વાતોડીઓ કુટુંબનો નાશ કરે છે.
૧૭ લડાક સ્ત્રીઓ વંશનો નાશ કરે છે.
૧૮ લબાડ સ્ત્રીઓ આબરૂનો નાશ કરે છે.
૧૯ રોગી સ્ત્રી પોતાના જીવનનો નાશ કરે છે.
૨૦ પતિનો અપ્રેમ સ્ત્રીને નાશ કરે છે

પાઠ ૧૪—સાસરે વર્તણુંક.

૧ સર્વને માનથી બોલાવવાં
૨ સર્વનો ઠપકો સહન કરવો
૩ કડવાં વચન સહન કરવાં
૪ રજા વિના બહાર જવું નહી
૫ ઘરનો મોભો જાળવવો
૬ સર્વની સાથે વિનયથી વર્તવું
૭ નાનાપર હેત દેખાડવું
૮ સર્વને હળી મળીને ચાલવું
૯ માંદાંની ખબર જોવા જવું
૧૦ તેમની સારવાર કરવી
૧૧ તેમની હરકતો દુર કરવી
૧૨ દુઃખ વેઠીને તેમનું કામ કરવું

૧૩ તેમના તરફથી વખાણની ઇચ્છા રાખવી નહી
૧૪ ચતુરાઇ ધારણ કરવી
૧૫ સુલાયજો વારંવાર સંભાળવો
૧૬ અવિવેકી વર્તન જરૂર તજવું
૧૭ અંગ ઉઘાડાં મુકવાં નહી
૧૮ ખડખડ હસવું નહી
૧૯ આહાર નિહાર શુભપણે કરવા
૨૦ સદાચરણને ધ્યાનમાં રાખવાં

પાઠ ૧૫—કોણ પતિવ્રતા નહી.

૧ લટકતી ચાલે તે પતિવ્રતા નહી
૨ ચટકતી ચાલે તે પતિવ્રતા નહી
૩ અક્કડ ચાલે તે પતિવ્રતા નહી
૪ ઉંચી નજરે ઉતાવળે ચાલે તે પતિવ્રતા નહી
૫ માથું ઉઘાડું રાખે તે પતિવ્રતા નહી
૬ ઊંટની પેઠે ઉતાવળી ચાલે તે પતિવ્રતા નહી
૭ ફેન્સી પહેરે તે પતિવ્રતા નહી
૮ મ્હોં મચકોડે તે પતિવ્રતા નહી
૯ ખડખડ હસે તે પતિવ્રતા નહી

૧૦ પૈસા છુપા રાખે તે પતિવ્રતા નહી
૧૧ સુંદર પોષાક માગે તે પતિવ્રતા નહી
૧૨ છુટથી બોલે તે પતિવ્રતા નહી
૧૩ પતિની ભક્તિમાં નહી તે પતિવ્રતા નહી
૧૪ ખરાબ ભાષણ કરે તે પતિવ્રતા નહી
૧૫ નિચની સોબત કરે તે પતિવ્રતા નહી
૧૬ અકારણ પરઘેર જાય તે પતિવ્રતા નહી
૧૭ નિંદા કરે તે પતિવ્રતા નહી
૧૮ સામુ બોલે તે પતિવ્રતા નહી
૧૯ "અવાય છે"—એમ બોલે તે પતિવ્રતા નહી
૨૦ વાત કરતાં હસે તે પતિવ્રતા નહી

પાઠ ૧૬—વસ્ત્રાભુષણ.

૧ લુગડાં ચોખ્ખાં રાખવાં
૨ લુગડું શોભતું રાખવું
૩ લુગડાં સંપત પ્રમાણે પહેરવાં
૪ લુગડાં આછાં પહેરવાં નહી
૫ લુગડાં ફાટેલાં પહેરવાં નહી
૬ અંગ દેખાય તેવાં પહેરવાં નહી

૭ તોછડાઇ જણાય તેવાં પહેરવાં નહી
૮ માત્ર સાદાં પહેરવાં શીખવું
૯ સાદાઇનો પાઠ બીજા લોકોને શીખવવો.
૧૦ કપડાં સારી રીતે પહેરવાં
૧૧ ઘરેણાં બહુ પહેરવાં નહી
૧૨ ઘરેણાં જેમ બને તેમ થોડાં પહેરવાં
૧૩ દેખાદેખી ઘરેણાંનો વાદ કરવો નહી
૧૪ ઘરેણાંથી નહી પણ શીયળથી શરીર શોભે.
૧૫ ઘરેણાંની ફેશનની પસંદગી એજ પડતી
૧૬ ઘરેણાંથી ઘર જાય
૧૭ ઉદભટ્ટ શણગાર એજ અનિતી
૧૮ મેલાં કપડાં પહેરવાં નહી
૧૯ ફાટેલાં કપડાં પહેરવાં નહી
૨૦ લુગડાં સ્વચ્છ પહેરવાં

પાઠ ૧૩—સ્વભાવ.

૧ નમ્ર સ્વભાવ રાખવો
૨ શાંન્ત સ્વભાવ રાખવો
૩ દયાળુ સ્વભાવ રાખવો

૪ હસમુખો સ્વભાવ રાખવો
૫ ગંભીર સ્વભાવ રાખવો
૬ માયાળુ સ્વભાવ રાખવો
૭ ઝેર વેર મનમાં રાખવું નહી
૮ ઇર્ષાવાળો સ્વભાવ રાખવો નહી
૯ સર્વ સાથે ભલાઇ રાખવી
૧૦ સર્વને નમીને ચાલવું
૧૧ ચીડીઓ સ્વભાવ રાખવો નહી
૧૨ અહંકારી સ્વભાવ રાખવો નહી
૧૩ મોટાનું માન રાખવું
૧૪ મોટાની શરમ રાખવી
૧૫ સર્વની ભાજથી શીખામણ માનવી
૧૬ મોટું મન રાખવું
૧૭ કોઇનું ભુડું ઇચ્છવું નહી
૧૮ પ્રસંગે કોઇનું કામ બગાડવું નહી
૧૯ ક્રોધી થવું નહી
૨૦ કલેશ કરી ભુખ્યાં રહેવું નહી.

પાઠ ૧૮—વાત.

૧ આં વાતોડી થાય નહી
૨ છાની વાત કોઇને કહે નહી
૩ ઘરની છાની વાત કોઇને કહે નહી
૪ કોઇની નુકશાન ભરી વાત કરે નહી
૫ કોઇની આધીપાછી વાત કરે નહી
૬ રસ્તે પુરૂષથી વાત કરે નહી
૭ કોઇની રહસ્યની વાત કરે નહી
૮ શીખામણની વાત કરે
૯ ડાહાપણની વાત કરે
૧૦ ઝગડો થાય તેવી વાત કરે નહી
૧૧ નિંદાની વાત કરે નહી
૧૨ અનિતીની વાત કરે નહી
૧૩ કોઇના છીદ્રની વાત કરે નહી
૧૪ શાસ્ત્રની વાત કરે
૧૫ નિતીની વાત કરે
૧૬ મર્યાદાની વાત કરે
૧૭ વડપણની વાત કરે

૧૮ પતિવ્રતની વાત કરે
૧૯ ધર્મની વાત કરે
૨૦ કલ્યાણકારી સઘળી વાતો કરે

પાઠ ૧૯—પોતાની શક્તિ.

૧ ખોરાક વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે
૨ ઊંઘ વધારી વધે ને ઘટાડી ઘટે
૩ આળસ વધારી વધે ને ઘટાડી ઘટે
૪ ભોગ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે
૫ કામ વધારો વધે ને ઘટાડ્યો ઘટે
૬ કજીઓ વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે
૭ વિદ્યા વધારી વધે ને ઘટાડી ઘટે
૮ ભય વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે
૯ હિમ્મત વધારી વધે ને ઘટાડી ઘટે
૧૦ અભિમાન વધાર્યો વધે ને ઘટાડ્યો ઘટે
૧૧ બળ વધાર્યું વધે ને ઘટાડ્યું ઘટે
૧૨ ચોખ્ખાઇ વધારી વધે ને ઘટાડી ઘટે
૧૩ ઉડાઉ ખર્ચ વધાર્યું વધે ને ઘટાડ્યું ઘટે
૧૪ ઠાઠ મોટપ વધારી વધે ને ઘટાડી ઘટે

૧૫ લજ્જા વધારી વધે ને ઘટાડી ઘટે
૧૬ ધૈર્ય વધાર્યું વધે ને ઘટાડ્યું ઘટે
૧૭ સહન સીલતા વધારી વધે ને ઘટાડી ઘં
૧૮ મર્યાદા વધારી વધે ને ઘટાડી ઘટે
૧૯ ફુરસદ વધારી વધે ને ઘટાડી ઘટે
૨૦ ઇચ્છા વધારી વધે ને ઘટાડી ઘટે

પાઠ ૨૦—નીચ.

૧ શરમ વગરની તે નીચ
૨ નીચની સોબતે ચઢે તે નીચ
૩ શીખામણ ન માને તે નીચ
૪ ધન આપે મન આપે તે નીચ
૫ નિર્ધન પતિપર અભાવ રાખે તે નીચ
૬ પૈસાની સગી થાય તે નીચ
૭ લડાઇ કરાવે તે નીચ
૮ ગાળો બોલે તે નીચ
૯ ફટાણાં ગાય તે નીચ
૧૦ નહારીની ચાલે ચાલે તે નીચ
૧૧ મૂર્ખની નકલ કરે તે નીચ

૧૨ કોઇના આળા પાડે તે નીચ
૧૩ ગરીબને સતાવે તે નીચ
૧૪ ધર્મથી વિમુખ તે નીચ
૧૫ પતિને અણગમતી તે નીચ
૧૬ મા બાપને અણગમતી તે નીચ
૧૭ મશ્કરી કરે તે નીચ
૧૮ નાટક જુવે તે નીચ
૧૯ પતિને પજવે તે નીચ
૨૦ ભણ્યા વિનાની તે નીચમાં નીચ

પાઠ ૨૧—શત્રુ.

૧ વ્યભિચારીણીને પતિ શત્રુ
૨ સોબાણીને માગણ શત્રુ
૩ મુર્ખીણીને હિત વચન કહેનાર શત્રુ
૪ આળસુને કામ બતાવનાર શત્રુ
૫ નિર્લજ ને શીખવતી શત્રુ
૬ અભણને ભણેલી શત્રુ
૭ હોઠને શીક્ષક શત્રુ
૮ ભણનારીને વાતોડી શત્રુ

૯ છુટકેલીને ડાસી શત્રુ

૧૦ ઉડાઉનો હીસાબ માગનાર શત્રુ

૧૧ ગોબરીને સુઘડ શત્રુ

૧૨ જુઠીને સાચું બોલનારી શત્રુ

૧૩ નીચને સદ્ગુણ વાળી શત્રુ

૧૪ કુલટાને છીદ્ર શોધનારી શત્રુ

૧૫ પુણ્યવાનને અભાગીણી શત્રુ

૧૬ ભોગીણીને રોગ શત્રુ

૧૭ પૈસાવાળીને રાજા શત્રુ

૧૮ રૂપ વાળીના દુર્જન શત્રુ

૧૯ ગુણવાળીના મુર્ખ શત્રુ

૨૦ વગર ભણેલા ભણેલીના શત્રુ

પાઠ ૨૨—મુર્ખ

૧ વિના કારણ ક્રોધ કરનારી મૂર્ખ

૨ વિના જાણે વિશ્વાસ કરવો તે મૂર્ખ

૩ વિના બોલાવે બોલનારી મૂર્ખ

૪ પારકી કુથલી કરે તે મૂર્ખ

૫ ન કરવાનું કરે તે મૂર્ખ

૬ વાદવિવાદ કરે તે મૂર્ખ
૭ શીખામણ ન સાંભળે તે મૂર્ખ
૮ વખત વિના બોલે તે મૂર્ખ
૯ નિંદા કરનારી તે મૂર્ખ
૧૦ કુકર્મ કરે તે મૂર્ખ
૧૧ સત્સંગ અપ્રિય તે મૂર્ખ
૧૨ પરપુરૂષ પ્યારો લાગે તે મૂર્ખ
૧૩ કજીઓ પ્યારો લાગે તે મૂર્ખ
૧૪ દામ પ્યારા લાગે તે મૂર્ખ
૧૫ મોજ મજા પ્યારી લાગે તે મૂર્ખ
૧૬ શીયળને છાજે નહી તે મૂર્ખ
૧૭ નાંતિનું ભાન ન રાખે તે મૂર્ખ
૧૮ લોકો જેને શાણી ના કહે તે મૂર્ખ
૧૯ કામની ચાડી કરે તે મૂર્ખ
૨૦ પતિ ધર્મ ન જાણે તે મૂર્ખમાં મૂર્ખ

ખાસ ભલામણ.

"ધોળી આભડ"

(આંખોનો ગુપ્ત રોગ.)

માટે-પહેરવાની દવા (પ્રદર વિનાશક) માત્ર જુજ કીમતે એકાદ વખત વાપરીને ખાત્રી કરો. ત્રણ કલાકમાં ચમત્કારિ અસર.

ટીકીટ બીડવાથી નમુનો મફત. એક પ્લગ કીમત ડબ્બી ૧ ના રૂ. ૦—૨—૦ ચાર પ્લગ્સ કીમત ડબ્બી ૧ ના રૂ. ૦—૮—૦ પચીસ પ્લગ્સ

યાદદાસ્ત વધારવા માટે સુંઘવાની દવા મેમરી પાઉડર (મગજ શક્તિ વર્ધક પાઉડર) માથાના સઘળા રોગોને દુર કરી છીંકણીનું વ્યસન હોય તો તે છુટે છે તેમજ વાંચેલું અને સાંભળેલું "સઘળું" યાદ રહે છે. સીસી ૧ ના ૪ આના ડઝનના રૂ. ૨—૮—૦